## સુરત મહાનગર પાલિકા

**સુરત શહેર, મોજે: સુલતાનાબાદ–ભીમપોર વિસ્તારની સૂચિત નગર રચના યોજના, સુરત નં.૭૯(સુલતાનાબાદ–ભીમપોર) તૈયાર કરવા બાબત.**

### અધિસૂચન

ગુજરાત સરકાર,શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,ગાંધીનગરના તા.૨૭/૧૨/૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ–૧૧૨૦૦૬–૨૭૯૫–વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ની કલમ–૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની,ડ્રાફટ ટી.પી.સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭)ની કલમ–૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં.૬૧/૨૦૦૮, તા.૨૩/૧૨/૦૮ થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૭૯ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ સુલતાનાબાદ–ભીમપોર વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.૭૯(સુલતાનાબાદ–ભીમપોર) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ ઉપર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

નં.પી.આર.ઓ./૫૦૯/૨૦૦૮-૦૯
તા. ૦૩-૦૧-૨૦૦૯

કમિશનર
સુરત મહાનગરપાલિકા

**ઠરાવ :–**

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૩/૧૨/૦૮ નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

xxxxxxxxx

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૧૯/૧૨/૦૮ ના પત્ર નં.સીમીસ/૮/૩૮ થી વિદિત થઈ, સુરત મહાનગર પાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૭૯(સુલતાનાબાદ–ભીમપોર) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૭૯(સુલતાનાબાદ–ભીમપોર) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગેનું સામેલ અધિસુચન મંજૂર કરવાનું, સદર અધિસુચનનો બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક–એક વખત પ્રસિધ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૬૧/૨૦૦૮ સર્વાનુમતે મંજૂર**

# જાહેર નોટીસ

## મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૭૯ (સુલતાનાબાદ–ભીમપોર)

નગર રચના યોજના નં.૭૯ (સુલતાનાબાદ–ભીમપોર)નો મુસદ્દો તૈયાર કરવા નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૬૧/૨૦૦૮, તા.૨૩–૧૦–૦૮થી ઈરાદો જાહેર કરેલ છે. જે અન્વયે ઉક્ત નગર રચના યોજનાઓનો મુસદ્દો અત્રેથી તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. સદરહુ નગર રચના યોજનામાં નીચે મુજબની જમીનોનો સમાવેશ થાય છે.

**નગર રચના યોજના નં.૭૯ (સુલતાનાબાદ–ભીમપોર)**

**મોજે : સુલતાનાબાદ સર્વે નં.:** ૨૨૦, ૨૨૪ થી ૨૨૯, ૨૩૨, ૨૩૮ થી ૨૪૩, ૨૪૫ થી ૨૫૩, ૨૫૫ થી ૨૬૨, ૨૯૯ થી ૩૩૫, ૩૩૬, ૩૩૭ થી ૩૯૪, ૩૯૫ થી ૩૯૮, ૩૯૯ થી ૪૧૧, ૪૧૩, ૪૧૮, ૪૪૬ થી ૪૮૮, ૪૯૩

**મોજે : ભીમપોર નવા સર્વે નં.:** ૧ થી ૧૮, ૨૧ થી ૩૧, ૭૧ થી ૮૫
(જુના સર્વે નં.: ૧, ૨ થી ૨૯, ૩૩ થી ૪૭, ૫૧, ૮૬, ૮૭, ૮૮)

નગર રચના યોજના વિસ્તારમાં સમાવિષ્ટ ઉક્ત બ્લોક નંબરો / રેવન્યુ સર્વે નંબરોના જમીન માલિકોને નીચે મુજબના પુરાવાઓ સત્વરે અત્રેની કચેરીએ પાઠવી આપવા જણાવવામાં આવે છે.

(૧) જમીનની માલિકી અંગેના પુરાવા માટે ગામનાં ઉતારા નં. ૭–૧૨ ની નકલ.
(૨) આપની જમીન અંગેના હયાત સ્થળ સ્થિતિ દર્શાવતાં નકશાનાં માપનાં આંકડા સાથેની સર્ટીફાઈડ બે નકલ (ડી.આઈ.એલ.આર.ની નકલ)
(૩) આપની જમીનમાં બાંધકામ થયેલ હોય તો તે અંગે મેળવેલ મંજુરીની સર્ટીફાઈડ નકલ.
(૪) આપની જમીન બાબતે વિકાસ પરવાનગી મેળવેલ હોય તો તેના પ્લાનની અને રજા ચિઠ્ઠીની નકલ તથા એન.એ. થયેલ હોય તો તેના હુકમની નકલ.
(૫) જમીનમાં ભાગલા થયેલ હોય તો તેના પુરાવા, ભાગલા કરાર, ભાગલાના નકશા.

આ માટે જરૂરી પુરાવાઓ રજુ કરવા જમીન માલિકોને અત્રેથી પત્રો લખવામાં આવી રહેલ છે. પરંતુ સરનામાના અભાવે કે અન્ય કોઈ કારણસર જો તેઓને ઉક્તપત્ર ન મળે તો આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન–૧૦ (દશ) માં ઉપર મુજબના પુરાવાઓ ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ ડિપાર્ટમેન્ટ, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસ સિવાય કામકાજના સમય દરમ્યાન જે તે અધિકૃત દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખિતમાં રજુ કરવા આથી જણાવવામાં આવે છે. જો પુરાવાના અભાવે નગર રચના યોજનામાં કોઈ ક્ષતિ થશે. તેની જવાબદારી અત્રેની રહેશે નહી. જેની નોંધ લેશો.

નં.પી.આર.ઓ./૫૦૧/૨૦૦૮-૦૯
તા. ૦૩-૦૧-૨૦૦૯

ડાયરેકટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગરપાલિકા